# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-07-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# GUJARAT RAIN DATA

રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 32 ટકા વરસાદ નોંધાયો છે. સૌથી વધુ 39.74 ટકા વરસાદ સૌરાષ્ટ્ર ઝોનમાં, વરસ્યો છે. જ્યારે કચ્છ ઝોનમાં ૩૯.૧૦ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૩૭.૬૫, પૂર્વ મધ્ય ગુજરાત ઝોનમાં ૨૨.૨૬ જયારે ઉત્તર ગુજરાત ઝોનમાં ૨૧.૫૨ ટકા વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરની યાદી પ્રમાણે રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન 108 તાલુકામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. સૌથી વધુ 14 ઈંચ વરસાદ સુરતના ઉમરપાડામાં નોંધાયો છે. આજે સવારે 6 વાગે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં 7 અને નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર, નાંદોદ તાલુકામાં 5 ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકામાં અને નવસારીના ચીખલી તાલુકામાં ચાર ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. રાજ્યના પાંચ તાલુકામાં ચાર ઈંચથી વધુ, છ તાલુકામાં 3 ઈંચથી વધુ અને 21 તાલુકામાં અડધો ઈંચ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

આજે સવારે છ થી બપોરના 12 વાગ્યા સુધીમાં 25 તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો છે. સૌથી વધુ સવા ઇંચ વરસાદ માળિયાહાટીના અને ઉમરગામ તાલુકામાં પડ્યો છે. જ્યારે વલસાડ, માંગરોળ અને સુત્રાપાડામાં એકથી દોઢ ઇંચ વરસાદ પડ્યો છે.

અમારા નવસારી જિલ્લાના પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે ચીખલીમાં આજે સવારે 4 થી 6 વાગ્યા સુધીના 2 કલાકમાં 3 ઇંચ

વરસાદ પડ્યો હતો. નવસારીમાં રાત્રે 10 થી 12 વાગ્યા દરમિયાન દોઢ ઇંચ, જલાલપોરમાં એક ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો.

અમારા તાપી જિલ્લાના પ્રતિનિધિ નીરવ કંસારા જણાવે છે કે ઉપરવાસમાં પડેલા સારા વરસાદને પગલે ઉકાઇ ડેમની જળ સપાટીમાં વધારો નોંધાયો છે, હાલ ડેમ માં 21,004 ક્યુસેક પાણીની આવક નોંધાઇ છે જ્યારે ડેમમાંથી 600 ક્યુસેક પાણી કેનાલ મારફતે છોડવામાં આવી રહ્યું છે જેને પગલે હાલ તેમની સપાટી 310.63 ફૂટ પર પહોંચી છે, ઉલ્લેખનીય છેકે ઉકાઈ ડેમની ભયજનક સપાટી 345 ફૂટની છે, પરંતુ ડેમ સતત ભરવાના લઈને દક્ષિણ ગુજરાત માટે એક મોટા રાહતના સમાચાર છે.

ભાવનગર જિલ્લાના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે પાલીતાણામાં આવેલ સૌરાષ્ટ્રના સૌથી મોટા એવા શેત્રુંજય ડેમમાં ઉપરવાસના વરસાદને કારણે સપાટી વધીને 18.10 ફુટે પહોંચી છે. હજુ પણ ડેમમાં 34 હજાર 110 ક્યુસેક પાણીની આવક શરૂ હોવાનું જાણવા મળેલ છે.

મહેસાણા જિલ્લાના અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે મહેસાણામાં 2 ઇંચ ,બેચરાજી માં દોઢ ઇંચ અને ખેરાલુ તેમજ જોતાણા ખાતે એક એક ઇંચ વરસાદ પડ્યો હતો, જ્યારે વિસનગર, વડનગર અને વિજાપુરમાં  અડધો ઇંચ વરસાદ વરસ્યો હતો.

-----------------

## GUJARAT DAM - JALASHAY

રાજ્યમાં છેલ્લા 2 દિવસમાં વરસેલા વરસાદના કારણે ગુજરાતની જીવાદોરી સરદાર સરોવર ડેમમાં 52 ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. જ્યારે 206 જળાશયોમાં 34 ટકાથી વધુનો જળસંગ્રહ થયાના જળસંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

જળસંપત્તિ વિભાગના જણાવ્યા મુજબ, આજે સવારે 8 વાગ્યા સુધી સૌરાષ્ટ્રના વાગડીયા, વાંસલ અને સસોઈ-2 એમ ત્રણ જળાશય સંપૂર્ણ છલકાતા હાઈઅલર્ટ અપાયું છે. આ સિવાય રાજ્યના 5 ડેમ 80 ટકાથી 90 ટકા ભરાતા એલર્ટ પર છે, જેમાં જૂનાગઢના ઓઝત-2 અને બાંટવા-ખારો ડેમ, મોરબીના ગોડાધ્રોઈ, રાજકોટના ભાદર-2 તથા ભરૂચના ધોલી ડેમને અલર્ટ અપાયું છે.

જ્યારે જામનગરના ફુલઝર-1, સુરેન્દ્રનગરના ધોળીધજા, ભરૂચના બલદેવા, કચ્છના કાલાઘોઘા, પોરબંદરના સારણ, રાજકોટના આજી-2 તથા જામનગરના ફુલઝર (કે.બી.) ડેમ રાજ્યના કુલ સાત જળાશય 70થી 80 ટકા વચ્ચે ભરાતા ચેતવણી આપવામાં આવી છે.

----------------------

## GUJ WEATHER

હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદનું રેડ અલર્ટ જાહેર કર્યું છે. દક્ષિણ ગુજરાતના છોટાઉદેપુર, નર્મદા, ભરુચ, સુરત, નવસારી, વલસાડ, દમણ, તેમજ

દાદારનગર અને હવેલીમાં તેમજ જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ, અને દીવમાં આજે રેડ અલર્ટની સ્થિતિ છે.

આજે અને આવતીકાલે દક્ષિણ ગુજરાત ઉપરાંત ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

સૌરાષ્ટ્રમાં, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છમાં હળવોથી મધ્યમ વરસાદની શક્યતા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CM CABINET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે આજે મંત્રીમંડળની બેઠક યોજાઈ હતી. બેઠકમાં રાજ્યમાં વરસાદની સ્થિતિ અને વરસાદની આગાહી, મુખ્ય શિક્ષકોની બદલીના નિયમો, ચાંદીપુરમ વાયરસ, કૉલેરા સહિતના રોગચાળા, GMERSના ફીમાં વધારો અને બેઠકોની ફાળવણી સહિતના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી.

------------------

## Semi Connect Conference

ગાંધીનગરના મહાત્મા મંદિરમાં આગામી 19મી જુલાઈના રોજ ગુજરાત સેમી કનેક્ટ પરિષદ યોજાશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આ પરિષદને ખુલ્લી મુકશે. રાજ્યના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા આ એક દિવસીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં પત્રકારોને માહિતી આપતાં, રાજ્યના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના અગ્ર સચિવ મોના ખંધારે જણાવ્યું કે, આ પરિષદનો ઉદ્દેશ્ય રાજ્યની સ્થાનિક કંપનીઓને સેમીકંડકટર ક્ષેત્રની વૈશ્વિક કંપનીઓ સાથે જોડવાનો છે.

તેમણે કહ્યું , આ પરિષદમાં સરકારી પ્રતિનિધિઓ, સેમી કંડકટર ક્ષેત્રની ટોચની કંપનીઓ, તેમજ ઓટોમેશન, ગેસ, ઇલેક્ટ્રોનિક્સ આઇટી, કેમિકલ અને તેને લગતા વિવિધ ક્ષેત્રોની સ્થાનિક કંપનીઓ ભાગ લેશે.

.................

## BULLET TRAIN BRIDGE

મુંબઈ-અમદાવાદ બૂલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે વલસાડ જિલ્લાની કોલાક નદી પર પુલ નિર્માણનું કાર્ય પૂર્ણ થયું છે. આ પુલની લંબાઈ 160 મીટર અને થાંભલાની ઊંચાઈ 14 મીટરથી 23 મીટર સુધીની છે. આ પુલ વાપી અને બિલીમોરા બૂલેટ ટ્રેન સ્ટેશનની વચ્ચે આવેલો છે. આ બે સ્ટેશન વચ્ચે ઔરંગા અને પાર નદી પર પુલ નિર્માણનું કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે. આ નદી વાલ્વેરી નજીક સાપુતારાની ટેકરીઓમાંથી નીકળે છે અને અરબી

સમુદ્રમાં મળે છે. કોલાક નદી વાપી બૂલેટ ટ્રેન સ્ટેશનથી સાત કિલોમીટર અને બિલીમોરા બૂલેટ ટ્રેન સ્ટેશનથી 43 કિલોમીટર દૂર છે.

------------------